મહત્તમ : ૩૭.૬ ડીગ્રી
લઘુતમ : ૨૨.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૬ ટકા

ગાંધીનગર તાપમાન

# ધૂળેટી પહેલા પિચકારીઓ અને ઓર્ગેનિક કલરનું ધૂમ વેચાણ

## શહેરના બજારોમાં ભાવમાં ૫-૧૦ ટકાનો વધારો હોવા છતાં લોકો ઉત્સાહભેર ખરીદી કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૫


કેટલાક લોકો આવતીકાલે સોમવારે અને કેટલાક લોકો મંગળવારે હોળીનો તહેવાર મનાવાશે ત્યારબાદ બુધવારે ધૂળેટીનો તહેવાર મનાવશે. રંગોના તહેવારને લીધે આ વખતે ઓર્ગેનિક કલર અને પિચકારીઓનું ગાંધીનગર માં ધૂમ વેચાણ થઈ રહ્યું છે. બજારો માં અને જાહેર રસ્તાઓ પર પિચકારીઓ અને કલરના વેચાણ માટેના સ્ટોલ તેમજ લારીઓ ઊભેલી જોવા મળી રહી છે.





બજાર સહીત છૂટક અલગ અલગ વિસ્તારોમાં કલર તેમજ પિચકારી ઉપરાંત ધાણી અને દાળિયાની ઘરાકી જામી છે. ગતવર્ષની તુલનાએ તમામ વસ્તુના ભાવમાં ૧૫ ટકા જેટલો વધારો થયો હોવા છતાં આ તહેવારોની ખરીદી કરવા લોકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. બજારોમાં ધૂળેટી પૂર્વે પિચકારી, કલર અને ખજુર-ધાણાની ખરીદી નિકળી છે. વેપારીઓના કહેવા મુજબ હાલ હોળીના તહેવારને લઈ લોકો ખરીદી માટે ઉમટી રહ્યા છે. ચાલુ વર્ષે દાળિયામાં પણ સાદા, મસાલા, હળદરવાળા સહિતની વેરાયટીઓ લોકો પસંદ કરી રહ્યા છે. જ્યારે પતાસા અને ધાણીની પણ ખાસ ડિમાન્ડ જોવા મળી રહી છે. ભાવમાં ૫-૧૦ ટકાનો વધારો હોવા છતાં લોકો ઉત્સાહભેર ખરીદી કરી રહ્યા છે. ગોળ-ખજૂરના વેપારીએ કહ્યુ હતુ કે, હોળીને લઈને ખજૂરની ખૂબ સારી માંગ જોવા મળી રહી છે. જેમાં જાયબી ખજૂરને લોકો ખાસ પસંદ કરી રહ્યા છે. આ સિવાય પણ ઈરાની, કાળો ખજૂર સહિતના ખજૂરની માંગમાં વધારો જોવા મળી રહ્યો છે. ભાવમાં ગતવર્ષની તુલનાએ ૧૦ રૂપિયાનો વધારો થયાનું પણ તેમણે કહ્યું હતું. બજારમાં સીઝન સ્ટોર ધરાવતા કલર અને પિચકારીના વેપારીએ જણાવ્યું હતું કે, કોરોનામાં લોકોએ તહેવાર માણ્યા નહોતા. જેને લઈને છેલ્લા બે વર્ષ બાદ હવે તમામ તહેવારોમાં લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જે અંતર્ગત હાલ હોળીના તહેવારને લઈને પણ લોકોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. જેને કારણે જ હોલસેલ પિચકારીમાં હાલ માલની તંગી ઉભી થઈ ગઈ છે. ગતવર્ષની તુલનાએ હાલ ભાવમાં અંદાજે ૧૫ ટકાનો વધારો થયો છે. છતાં લોકો ઉત્સાહભેર ખરીદી કરી રહ્યા છે. પિચકારી વેચતા વેપારીઓએ જણાવ્યું હતું કે, બાળકોમાં છોટાભીમ સહિતના કાર્ટુનની પિચકારી ફેવરિટ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં હોળી અને ધુળેટીના તહેવારની ઉત્સાહભેર ઉજવણી થતી હોય છે. અગાઉ કોરોનાનાં કારણે તહેવારો ઉજવી શકાયા નહોતા. પરંતુ છેલ્લા એકાદ વર્ષથી તમામ તહેવારોની ભારે ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. ત્યારે હોળી-ધુળેટીની ઉજવણીમાં કોઈ કચાશ ન રહે તે માટે રંગરસિયાઓએ એક સપ્તાહ અગાઉ થી જ તૈયારી શરૂ કરી દીધી છે. અને ખાસ તો ઓર્ગેનિક કલર તેમજ પિચકારીઓનું ધૂમ વેંચાણ થઈ રહ્યું છે. આ ઉપરાંત ધાણી-દાળિયા-પતાસા સહિતની વસ્તુઓ લેવા માટે બજારોમાં સાંજ પડ્યે લોકોની ભારે ભીડ જામી રહી છે.

## જન્મદિને વધામણી



તિથિ સતીષભાઈ પ્રજાપતિ



વ્યોમ નીતિરાજ ભારદ્વાજ
મો. ૮૯૮૦૦ ૨૨૦૭૭



વિનીત પુનમભાઈ નાયી
મો. ૯૯૨૫૭ ૮૭૬૦૬



પ્રિયાંશી પરમાર
મો. ૯૬૮૭૩ ૧૪૪૦૯



ક્રિશ્ના



ભાવનાબેન પંચાલ

## સે-૩/સી ખાતે આનંદનો ગરબો યોજાયો



સેકટર-૩/સી ખાતે મા મેલડી આનંદ ગરબા મંડળ અને વૃંદાવન મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી ભક્તિભાવથી ભજન-કિર્તન કર્યા હતા.




શારદા કેમ્પસ, પેથાપુર દ્વારા કે ડી હોસ્પિટલના અંગદાન અંગે જાગૃતતાના હેતુ માટે આયોજિત વોકથોનમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં હતો. જેમાં ફિઝિયોથેરાપી, ફાર્મસી અને નર્સિંગ કોલેજોના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ પ્લેકાર્ડ બનાવવાની સ્પર્ધામાં પણ ભાગ લીધેલ. જેમાં શારદા કોલેજે ત્રીજો ક્રમ મેળવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ તથા લોકો "અંગદાન મહાદાન" ના ઉત્તમ અને જરૂરી વિચાર માટે જાગૃત થયા હતા.

## બ્રહ્મ સમાજ દ્વારા 'પરપોટા' નું સન્માન

શ્રી દંઢાવ્ય (સત્તાવીસ) ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિધ્યોત્તેજક મંડળ દ્વારા રૂપાલ મુકામે યોજાયેલ સમારંભમાં લલિત કલાક્ષેત્ર, યુ ટ્યુબ, નાટ્ય અભિનય, હાસ્ય તથા મનોરંજન ક્ષેત્રે ઉત્તમ કારકિર્દી



ધરાવનાર 'પરપોટા'ના ઉપનામ થી દેશ પરદેશમાં પ્રસિધ્ધિ મેળવનાર કલ્પ ત્રિવેદીનું ટ્રોફી તથા સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું. વાવોલ ગામનું તથા બ્રહ્મ સમાજનું ગૌરવ એવા કલ્પ ત્રિવેદી ઉત્તરો ઉત્તર પ્રગતિ કરી ગામનું ગૌરવ વધારે એવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતે વાડોકાઈ કરાટેના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાયા



ગાંધીનગર, તા.૫

વાડોકાઈ કરાટે ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કુડાસણ સ્થિત સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતે છેલ્લા ઘણા વર્ષોથી કરાટેના નિયમિત વર્ગનું સંચાલન કરવામાં આવી રહયું છે. ફેડરેશનના કોચ સેનસાઈ સુરજ ત્રિપાઠી દ્વારા વિદ્યાર્થીઓને વાડોકાઈ કરાટેનું પ્રશિક્ષણ આપવામાં આવી રહયું છે. તાજેતરમાં સોસાયટીના ૧૦ વિદ્યાર્થીઓને વ્હાઈટ-૧ થી યલો બેલ્ટ સુધીની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓને તથા તેમના પ્રશિક્ષક સુરજ ત્રિપાઠીને જિલ્લા નિયામક નેશનલ કોચ રેન્સી ગૌરાંગ રાણા તથા ફેડરેશનના ચીફ ટેકનીકલ ડાયરેકટર અરવિંદભાઈ રાણાએ અભિનંદન પાઠવ્યા હતા.



ગાંધીનગર જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી કલોલની એસ.સી.બી.હાઈસ્કૂલ શાળાની સાયન્સ સીટી અમદાવાદની નિઃશુલ્ક મુલાકાત ગોઠવવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ભંગી ધનાભાઈ ડાહ્યાભાઈ ઉ.વ.૬૪, ગાંધીનગર
- સ્વ.ચૌહાણ કાલીદાસ ડાહ્યાભાઈ ઉ.વ.૬૫, ગાંધીનગર
- સ્વ.ચાવડા નંદાબેન રાયસનજી ઉ.વ.૭૫, પેથાપુર
- સ્વ.રાવલ નટવરલાલ કાળીદાસ ઉ.વ.૯૩, વાવોલ
- સ્વ.સોલંકી પ્રવિણસિંહ પસાજી ઉ.વ.૬૯, ડભોડા
- સ્વ.પનારા સરોજબેન શશીકાન્ત ઉ.વ.૭૦, ગાંધીનગર
- સ્વ.ઠાકોર અજીતજી મફાજી ઉ.વ.૪૨, જેઠીપુરા

# એક કમભાગી પિતાનો સંદેશ 'બા, બહુ, બેટી રક્ષિત.. સમાજ સુરક્ષિત'

## પોતાની દિકરી સામાજિક દૂષણનો ભોગ બન્યાં બાદ મહિલાઓના અધિકાર માટે જીવન સમર્પિત કર્યુ : વિવિધ ભરતી પ્રક્રિયામાં આખરી યાદીમાં સ્થાન ના પામેલી મહિલા ઉમેદવારો પૈકી આશરે ૬૧૪ દિકરીઓને સરકારી નોકરી અપાવવામાં સફળ રહ્યાં : પુરુષ મહિલા જાતિદરના તફાવત અંગે સંશોધન કરીને પુસ્તકો લખ્યાં અને શોર્ટ ફિલ્મો બનાવી



સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૦૫

સમગ્ર વિશ્વમાં તા.૮મી માર્ચને "આંતરરાષ્ટ્રીય મહિલા દિન" તરીકે જોશભેર ઉજવવામાં આવે છે જેમાં સમાજમાં મહિલાઓના વિશેષ યોગદાનને સન્માનિત કરવા સાથે મહિલાઓના અધિકાર માટે જાગૃતિ ફેલાવવાનો ઉદ્દેશ હોય છે. આપણે જાણીએ છીએ કે ભારતમાં એક સમયે સતીપ્રથા જેવું દૂષણ સમાજમાં વ્યાપેલું હતુ અને રાજા રામમોહન રાય તેમના ભાભી આલોક મંજરીને સતી થવાથી બચાવી શક્યા નહોતા અને ત્યારપછી તેમણે કોઈ મહિલાને સતી ના થવું પડે તેવી સ્થિતિનું નિર્માણ કરવાની ટેક લીધી હતી અને તેઓ સતીપ્રથાને દૂર કરીને જંપ્યા હતા. જોકે આજે પણ સમાજમાં સ્ત્રી ભ્રૂણ હત્યા, દિકરીને દૂધ પિતી કરવા જેવી કુપ્રથાઓ પ્રવર્તિ રહી છે જેના પગલે પુરુષ-મહિલા જાતિદર વચ્ચે આંકડાનો મોટો તફાવત જોવા મળે છે. ગાંધીનગરમાં સેક્ટર-૨ ખાતે એક એવા ૬૩ વર્ષીય નિવૃત સરકારી વન અધિકારી અમૃતભાઈ પટેલ વસે છે જેમની દિકરી લગ્ન બાદ સામાજિક દૂષણનો ભોગ બની હતી અને રાજા રામોહન રાય સાથેની ઘટનાને પોતાના જીવન સાથેની ઘટના સાથે મૂલવીને મહિલાઓના ઉત્થાન માટે પોતાની શારિરીક, આર્થિક, બૌધ્ધિક ક્ષમતાનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે અને કુદરતે જ તેમને આ કાર્ય માટે નિમિત્ત બનાવ્યાં છે તેવો માનસિક સ્વિકાર કરી લીધો છે. અમૃતભાઈ પટેલે ગાંધીનગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતી માત્ર દિકરીઓ માટે એક વાંચન લાયબ્રેરી શરૂ કરી અને પુરુષ-મહિલા જાતિદર તફાવત અંગે વાંચન-સંશોધન કરીને પુસ્તકો લખવા સાથે શોર્ટ ફિલ્મોનું નિર્માણ પણ કર્યુ છે અને તેમના પ્રયાસો થકી વિવિધ ભરતી પ્રક્રિયામાં નાપાસ જાહેર કરાયેલી આશરે ૬૧૪ દિકરીઓને સરકારી નોકરીનો તેમનો અધિકાર અપાવવામાં તેઓ સફળ રહ્યાં છે. આશરે દસેક વર્ષ પહેલાં અભિનેતા આમીરખાન સંચાલિત "સત્યમેવ જયતે" નામનો એક ટીવી શો શરૂ થયો હતો જેની પહેલા એપિસોડની તેમણે અમદાવાદથી શરૂઆત કરી હતી જેમાં પુરુષ-મહિલા જાતિ દરના તફાવતની વાત કરી હતી. આ એપિસોડ ખૂબ



લોકપ્રિય બન્યો હતો અને તેના બરાબર ત્રીજા દિવસે તે સમયની સ્ટાર ન્યુઝ ચેનલ પર "આમીર કા અસર" શિર્ષક હેઠળ અમૃતભાઈ પટેલનો ઈન્ટર્વ્યુ પ્રસારિત થયો હતો જેમાં તેમણે ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને તેમના પાટીદાર સમાજમાં પુરુષ-મહિલા જાતિ દરમાં અસમાનતાના કારણો અંગે ચર્ચા કરી હતી. આ ઈન્ટર્વ્યુ પછી અભિનેતા અજય દેવગણ અને કાજોલે તેમના માર્ગદર્શન હેઠળ આ વિષયે મહારાષ્ટ્ર સરકારની મદદથી એક જનજાગૃતિ ફિલ્મ નિર્માણ કરવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો પરંતુ કેટલાંક કારણોસર તે શક્ય બન્યું નહોતું.

અમૃતભાઈ પટેલ તેમના વન વિભાગમાં તેમની ફરજના કાર્યકાળ દરમિયાન કચ્છથી માંડીને ડાંગ સુધીના તમામ સીમાવર્તી જિલ્લાઓમાં કામ કરી ચૂક્યા છે અને રાજપીપળા ખાતેની એક માત્ર ફોરેસ્ટ રેન્જર્સ ટ્રેનિંગ કોલેજના તેઓ પ્રિન્સિપાલ પણ રહી ચૂક્યાં છે. સાબરકાંઠાના તલોદ પાસેના રાયણિયા ગામનો પટેલ પરિવાર જે વર્ષો પહેલાં ગાંધીનગર નજીક દેલવાડ ગામે સ્થાયી થયો હતો તેના કેશવલાલ પટેલ નામના મિલ કામદાર અને મેનાબેનના પુત્ર એવા અમૃત પટેલે મહેનત કરીને સરકારી નોકરી મેળવી હતી. જોકે પોતાની દિકરી સાથે બનેલી ઘટના પછી તેઓ છેક અંદરથી હચમચી ગયા હતા અને આ પછી તેમણે પુરુષ-મહિલા અસમતુલા અંગે ખુબ અધ્યયન કર્યુ અને તે અંગે જનજાગૃતિ માટે સંશોધન કરીને તેમણે સતી પ્રથા, દૂધપીતી પ્રથા, બાળ લગ્ન, સ્ત્રીભ્રૂણ હત્યા જેવા વિષયો અંગે શોર્ટ ફિલ્મોનું પણ નિર્માણ કર્યુ હતું. તેમણે વસ્તી ગણતરી, નીતિ આયોગ દ્વારા જાહેર કરાતા જન્મ નોંધણીના આંકડા, વિવિધ સમાજે બનાવેલી પરિચય પુસ્તિકાઓ વગેરેના ડેટા સાથે અન્ય માહિતીઓ તેમજ ચોકસાઈપૂર્વક લીધેલા આંકડાઓ સાથે વાસ્તવિક આંકડા દર્શાવતા પુસ્તકો લખ્યાં તેમજ અનેક સેમિનાર્સ પણ કર્યા છે.

તેમણે મહિલા અનામતના યોગ્ય અમલ માટે અસરગ્રસ્ત મહિલાઓની ચિંતન બેઠકનું આયોજન કરીને ૩૩ ટકા મહિલા અનામતને આધારે ભરતીના આખરી પરિણામો બહાર પાડવા પછી પણ જ્યારે મહિલા અનામતનો સબળ અમલ થતો ના હોવાથી તેની રજુઆત કરવા તેમજ વહીવટી તંત્ર ખોટા અસરગ્રસ્ત મહિલાઓ અને તેમના નિયમો અને અર્થઘટનો દાખલ કરી વાલીઓની મહિલાઓને ન્યાયથી વંચિત રાખવા બાબતે હાઈકોર્ટમાં અસરગ્રસ્ત મહિલાઓ માટે પિટિશન દાખલ કરાવી ઉમેદવારો અને તેમના વાલીઓને તરફેણમાં મળેલાં જજમેન્ટનો અમલ કરાવવા પ્રયાસો હાથ ધર્યા હતા જેને કારણે ભરતી પ્રક્રિયાની આખરી યાદીમાં સ્થાન ના પામેલી મહિલા ઉમેદવારો પૈકી પીઆઈ તરીકે ૭, વિવિધ વહીવટી સેવામાં વર્ગ-૧ અને વર્ગ-૨માં ૧૦, ડિવાયએસઓ પદે ૩૨ અને એલઆરડી તરીકે ૫૬૫ મહિલા ઉમેદવારોને નોકરી અપાવવામાં સફળ રહ્યાં છે. આ કાર્ય તેમણે મહિલા અનામત અંગેના ઠરાવના યોગ્ય અમલવારી કરાવીને પાર પાડ્યું છે.

અમૃતભાઈ પટેલ વર્ષ ૨૦૧૮માં નિવૃત્ત થયા અને નિવૃત્તિ બાદ ૨૦૧૯માં તેમણે ગાંધીનગરના ગ-૧ સર્કલ પાસેના કોમ્પ્લેક્સમાં બેસ્ટ લોકેશન પર શાંતિ અને સલામતી સાથે અર્પણ રીડીંગ લાઈબ્રેરીની સ્થાપના કરી અને આ લાઈબ્રેરીમાં માત્ર દિકરીઓને જ પ્રવેશ મળે છે. આ લાઈબ્રેરીમાં સારા ફર્નિચર સાથે પૂરતી સ્પેસ, વાઈફાઈ અને આરઓ વોટર પ્યુરીફાયર સાથે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવી છે જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, મેડિકલ, ટેટ-ટાટ વગેરેની પરીક્ષાઓની તૈયારીઓ કરતી યુવતીઓને ખૂબ જ રાહત દરે સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ લાઈબ્રેરી તેમાં વાંચવા આવતી દીકરીઓ દ્વારા જાતે જ ચલાવવામાં આવે છે. અવારનવાર આ લાયબ્રેરીની સિન્સિયર અને હાર્ડવર્કિંગ




યુવતીઓને અમૃતભાઈ પટેલ સન્માનિત કરતા રહે છે આ સન્માન માટે તેમણે એક ખાસ પેન બનાવવી છે જેના પર એક સંદેશ છાપેલો હોય છે "બા, બહુ, બેટી રક્ષિત... સમાજ સુરક્ષિત."

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com